# શેઠ ડી. એમ. પોલીટેકનીક ઇન હોર્ટિકલ્ચર દ્વારા નિવાસી એન.એસ.એસ ખાસ શિબિરનું આયોજન

શેઠ.ડી.એમ પોલીટેકનીક ઇન હોર્ટિકલ્ચર દ્વારા ગામ:થુવાવી તા:ડભોઇ , જી:વડોદરા ખાતે એન.એસ.એસ અંતર્ગત તા:૧૦-૦૨-૨૦૨૦ થી ૧૬-૦૨-૨૦૨૦ દરમ્યાન ખાસ શિબિરનુ આયોજન કરવામાં આવેલ હતું જેમાં પ્રોગ્રામ ઓફિસર ડો. વિ. કે પટેલ, મદદનીશ સ્ટાફ શ્રીમતી એન.આર. વાઘેલા, શ્રી પાર્થ વિરડીયા અને ૨૭ સ્વયમસેવકોએ ત્યાં રોકાઈને વિવિધ પ્રવૃતી કરેલ હતી. શિબિરના ઉદઘાટન સમારંભમાં શેઠ.ડી.એમ પોલીટેકનીક ઇન હોર્ટિકલ્ચર કોલેજના આચાર્યશ્રી ડો. બી. એચ.પંચાલ તથા શ્રી થુવાવી વિભાગ સાર્વજનિક કેળવણી મંડળનાં પ્રમુખશ્રી અરવિંદભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી કિરીટભાઈ પટેલ, આચાર્યશ્રી આઈ.ટી.આઈ, શ્રી વી.એલ. પટેલ ગામના ઉપસરપંચશ્રી, પ્રથમિક શાળાના આચાર્યશ્રી ડો. દિવ્યાબેન તથા ગામના અન્ય અગ્રણીઓ હાજર રહી સ્વયમ સેવકોના ઉત્સાહમાં વધારો કરેલ હતો.

**આ શિબિર દરમ્યાન સ્વયમસેવકોએ વિવિધ સમાજલક્ષી પ્રવૃતિ કરેલ હતી જેવીકે**

| તારીખ | સમાજલક્ષી પ્રવૃતિ |
|---|---|
| ૧૧.૦૨.૨૦૨૦ | ઉદઘાટન સમારંભ તથા આઈ.ટી.આઈ સંકુલની સફાઈ |
| ૧૨.૦૨.૨૦૨૦ | ગ્રામ સફાઇ અભિયાન તથા રેડ ક્રોસ સોસાયટીનાં શ્રીમતી દર્શનાબેન દ્વારા સ્વયમ સેવકો તથા શ્રી ડી. કે. પટેલ હાઈસ્કુલનાં વિધાર્થીઓને પ્રાથમીક સારવાર વિષે તથા ટ્રાફિક નિયમન અંગે માર્ગદર્શન તેમજ ટ્રાફિક નિયમનનાં બ્રાંડ એમ્બેસેડર સચિન તેંદુલકરની ટ્રાફિક નિયમન અંગે ની વીડિઓ કલીપ નિહાળી. |
| ૧૩.૦૨.૨૦૨૦ | સ્વછતા રેલી, આઈ.ટી.આઈ અને હાઈસ્કુલનાં બગીચાની જાળવની તથા હાઈસ્કુલમાં વ્યસન મુકતી કાર્યક્રમ અંતર્ગર્ત ચિત્ર સ્પર્ધાનુ આયોજન |
| ૧૪.૦૨.૨૦૨૦ | વૃક્ષા રોપણ તથા ટોબેકો કંન્ટ્રોલ સેલ,આરોગ્ય શાખા, જીલ્લા પંચાયત,વડોદરા દ્વારા સ્વયમસેવકો તથા હાઈસ્કુલનાં વિધાર્થીઓને વ્યાસન મુક્તિ અંગે માર્ગદર્શન તેમજ ચિત્ર સ્પર્ધાનાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને ટ્રોફી આપવામાં આવેલ હતી |
| ૧૫.૦૨.૨૦૨૦ | ધોરણ ૧૦ અને ૧૨ માટે શુભેચ્છા તથા કેરિયર માર્ગદર્શન કાર્યક્રમ તથા સ્મશાનમાં વૃક્ષા રોપણ |

શિબિરના સમાપન સમારંભનાં મુખ્ય મહેમાન તરીકે શ્રીભગુભાઈ પટેલ, શ્રી થુવાવી વિભાગ સાર્વજનિક કેળવણી મંડળનાં ડોનર, પ્રમુખશ્રી અરવિંદભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી કિરીટભાઈ પટેલ, આચાર્ય આઈ.ટી.આઈ, શ્રી વી.એલ. પટેલ, અત્રેની કોલેજના મદદનીશ પ્રાધ્યાપક ડો. આઈ.એન. ભાભોર તથા ગામના અન્ય અગ્રણીઓ તેમજ શ્રી ડી. કે. પટેલ હાઈસ્કુલનાં વિધાર્થીઓ હાજર રેહલ હતા. સ્વયમસેવકો એ શિબિરનાં અનુભવ વિષે ચર્ચા કરી પ્રતિભાવ આપેલ હતા. અંતમાં પ્રોગ્રામ ઓફિસર ડો. વિ. કે. પટેલે સૌનો અભાર વ્યક્ત કરી શિબિરની પૂર્ણાહુતિ કરી.




ઉદઘાટન સમારંભ




સફાઇ અભિયાન






સ્વચ્છતા રેલી




પ્રાથમીક સારવાર અંગે માર્ગદર્શન





ટ્રાફિક નિયમન અંગે માર્ગદર્શન





વૃક્ષા રોપણ





વ્યસન મુકતી





સમાપન સમારંભ